Gandhian Studies

# Gujarat Vidyapith

(Founded by Mahatma Gandhi in 1920)
Accredited Grade 'A' by NAAC



## M.A. Gandhian Studies (Regular)

**Eligibility :** Bachelor degree in any discipline or its equivalent

**Total Seats :** 57 (Reservation as per UGC Rules)

**Last Date of application:** 30-6-2022

**Fellowship Available for 10 Students (Rs. 2500/month)**


**: Contact :**

**Faculty of Gandhian Studies, Gujarat Vidyapith**

Ashram Road, Ahmedabad, Gujarat

E-mail: prchod@gujaratvidyapith.org

| Prem Anand Mishra | Haribhai Patel | Kapil Deshwal | Ratilal Amin |
|---|---|---|---|
| M : 94299 01757 | M : 89800 76231 | M : 94273 41019 | M : 97124 77010 |

# એમ.એ. : ગાંધી અધ્યયન (નિયમિત)

## સંક્ષિપ્ત પરિચય

ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના આપણા રાષ્ટ્રપિતા પૂ. મહાત્મા ગાંધીજીએ ૧૯૨૦માં કરી હતી. ગૂજરાત વિદ્યાપીઠનો મુખ્ય ઉદ્દેશ્ય મહાત્મા ગાંધીએ આપેલા આદર્શો પ્રમાણે દેશનું નવઘડતર કરવા માટે ચાલતી પ્રવૃત્તિઓ અર્થે ચારિત્ર્યવાન, શક્તિસંપન્ન, સંસ્કારી અને કર્તવ્યનિષ્ઠ કાર્યકર્તાઓ તૈયાર કરવાનો છે. આ ઉદેશ્યને ચરિતાર્થ કરવા માટે ગૂજરાત વિદ્યાપીઠના હાર્દ સમો ગાંધીદર્શન વિભાગ કાર્યરત છે જે મહાત્મા ગાંધીના મૂળભૂત વિચારોને દેશવિદેશમાં પ્રસારિત કરવાનું કાર્ય કરે છે.

આજની પેઢીના નવયુવાનો મહાત્મા ગાંધીના મૂળભૂત વિચારોથી વાકેફ થાય અને ગાંધીજીના મૂળભૂત પુસ્તકોનો સમજપૂર્વક અભ્યાસ કરે તે હેતુથી એમ.એ. : ગાંધી અધ્યયન નો નિયમિત અભ્યાસક્રમ ગાંધી અધ્યયન વિદ્યાશાખા,ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ ખાતે ચલાવવામાં આવે છે.આ અભ્યાસક્રમમાં કોઈપણ વિદ્યાશાખાના કોઈપણ વિષયમાં સ્નાતક વિદ્યાર્થીઓ જોડાઈ શકે છે અને ગાંધી વિચારને જીવનમાં ચરિતાર્થ કરવાનો પ્રયાસ કરી ગાંધીના આદર્શો પ્રમાણે અહિંસક સમાજ રચનાના કાર્યને વેગ આપવામાં પોતાનું યોગદાન આપી શકે છે.

ગાંધી વિચારના પ્રચાર-પ્રસારને વેગ મળે અને વધારે યુવાનો આ અભ્યાસક્રમમાં જોડાય તે માટે ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા જરૂરતમંદ વિદ્યાર્થીઓને પ્રતિમાસ ૨૫૦૦/- રૂ. શિષ્યવૃત્તિ આપવામાં આવશે. ગૂજરાત વિદ્યાપીઠમાં ખૂબ સમૃદ્ધ ગ્રંથાલય પણ છે જેમાં તેઓ પોતાની રૂચી પ્રમાણેના પુસ્તકોનું અધ્યયન પણ કરી શકે છે. તો રસ ધરાવતા સ્નાતક વિદ્યાર્થીમિત્રોને એમ.એ. : ગાંધી અધ્યયન (નિયમિત) અભ્યાસક્રમમાં જોડવા હાર્દિક અપીલ છે.

ગાંધી અધ્યયન વિદ્યાશાખામાં અત્યાર સુધી વિશ્વના ૧૬ દેશોના ૭૦ થી વધારે વિદ્યાર્થીઓ ગાંધી વિચારનો અભ્યાસ કરી ચૂક્યા છે. ગાંધી અધ્યયન વિદ્યાશાખામાં પીએચ.ડી.ના અભ્યાસક્રમ પણ ચાલે છે. યુજીસી NETમાં પણ ગાંધી અધ્યયનનો વિષય સમાવિષ્ટ છે.

વિદ્યાર્થીઓને ગાંધી અધ્યયનમાં એમ.એ. કર્યા પછી વિવિધ સ્વૈચ્છિક સંગઠનો,ગ્રામ શિલ્પી તથા ગાંધી વિચાર આધારિત સંસ્થાઓમાં જોડાઈને સ્વરોજગારી પ્રાપ્ત કરવાની ઉજળી તકો છે.

# ગાંધી અધ્યયન વિદ્યાશાખા ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

## એમ.એ. : ગાંધી અધ્યયન (નિયમિત)

### પ્રવેશ જાહેરાત 2022-24

## પ્રવેશ સંબંધી સૂચનાઓ

1. એમ.એ.: ગાંધી અધ્યયન( નિયમિત ) અભ્યાસક્રમ પૂર્ણકાલીન બે વર્ષનો અભ્યાસક્રમ છે.
2. UGC અને ગૂજરાત વિદ્યાપીઠના નિયમો પ્રમાણે પ્રવેશ આપવામાં આવશે.
3. આ અભ્યાસક્રમમાં હોસ્ટેલમાં રહેવું મરજિયાત છે.
4. જે વિદ્યાર્થીને છાત્રાલયમાં રહેવાની સુવિધા જોઈએ તે વિદ્યાર્થીઓને ગૂજરાત વિદ્યાપીઠના નિયમો અનુસાર છાત્રાલયની સુવિધા આપવામાં આવશે.
5. ગૂજરાત વિદ્યાપીઠના નિયમો અનુસાર ખાદીનો ગણવેશ પહેરવો ફરજિયાત છે.
6. આ અભ્યાસક્રમના વર્ગોમાં દરેક મિત્રોએ નિયમિતપણે વર્ગમાં જોડાવું પડશે. તમામ વર્ગોની હાજરી લેવામાં આવશે.
7. ગૂજરાત વિદ્યાપીઠના નિયમો અનુસાર છાત્રાલયમાં રહેતા જરૂરતમંદ વિદ્યાર્થીઓને જ પ્રતિ માસ 2500/- રૂ. ગૂજરાત વિદ્યાપીઠ તરફથી શિષ્યવૃત્તિ આપવામાં આવશે.
8. આ અભ્યાસક્રમમાં 80 ટકા હાજરી ફરજિયાત છે.
9. આ અભ્યાસક્રમમાં ગુજરાતી / હિન્દી / અંગ્રેજી માધ્યમમાં પરીક્ષા આપવાની જોગવાઈ છે.
10. આ અભ્યાસક્રમમાં તમામ વિદ્યાર્થીઓ માટે ગૂજરાત વિદ્યાપીઠના તમામ નિયમોનું સંપૂર્ણ પાલન કરવું ફરજિયાત છે.
11. આ અભ્યાસક્રમ માટે પ્રવેશ ફી 5400/- રૂ. છે.
12. આ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે તમે ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઈટ www.gujaratvidyapith.org પરથી ઓનલાઈન પ્રવેશપત્ર ભરીને તમારો પ્રવેશ મેળવી શકો છો.
13. પ્રવેશ માટે વધુ જાણકારી હેતુ સંપર્ક : શ્રી પ્રેમ આનંદ મિશ્ર - 9429901757, શ્રી હરિભાઈ પટેલ- 8980076231, શ્રી કપિલ દેશવાલ - 9427341019, શ્રી રતિલાલ અમીન - 9712477010
14. પ્રવેશ માટેનો આખરી નિર્ણય ગૂજરાત વિદ્યાપીઠનો રહેશે.
15. આ અભ્યાસક્રમમાં પ્રવેશ માટેની અંતિમ તારીખ 30/6/2022 રહેશે.

તારીખ : 01 /05/2022

(પ્રો. પ્રેમ આનંદ મિશ્ર)
ગાંધી અધ્યયન વિદ્યાશાખા
ગૂજરાત વિદ્યાપીઠ

# ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ – 380014

(મહાત્મા ગાંધી દ્વારા 18 ઓક્ટોબર 1920માં સ્થાપિત)

(યુજીસીના 1956ના એક્ટની સેક્શન -3 મુજબ સ્થાપિત ડીમ્ડ ટુ બી યુનિવર્સિટી)

# પ્રવેશ જાહેરાત 2022-24

## એમ.એ. : ગાંધી અધ્યયન (નિયમિત અભ્યાસક્રમ)

### લાયકાત

કોઈપણ વિદ્યાશાખામાં ઓછામાં ઓછા 40% ગુણ સાથે સ્નાતક (10 + 2 + 3)
અથવા સમકક્ષ

### કુલ બેઠક

57 (યુજીસીના ધારાધોરણ પ્રમાણે આરક્ષણ)

### ફેલોશીપ

10 વિદ્યાર્થીઓ માટે (પ્રતિમાસ રૂ. 2500/-) ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા નક્કી થયેલ નિયમો પ્રમાણે

### અરજીની છેલ્લી તારીખ

તા. 30-6-2022

### વધારે માહિતી માટે સંપર્ક


ગાંધી અધ્યયન વિદ્યાશાખા

www.gujaratvidyapith.org (On this Website Online Form Available)

ઇમેઇલ : prchod@gujaratvidyapith.org

ફોન. : 079-40016318, 079-40016319